NAVGUJARAT SAMAY DT.23-11-2019

### એક નોન-ફાસ્ટ ટેગ લેન પણ હશે, જ્યાંથી ફાસ્ટ ટેગ ન હોય એ લોકો પસાર થઈ શકશે

# ડિસેમ્બરથી ફાસ્ટ ટેગ ફરજિયાત, ટોલ પ્લાઝાની તમામ લેન જોડાશે

એજન્સી > નવી દિલ્હી

ડિસેમ્બરથી તમામ રાજમાર્ગો પર સ્થિત ટોલ પ્લાઝાની તમામ લેન ફાસ્ટ ટેગ સાથે જોડાઈ જશે. કેન્દ્રીય પરિવહન મંત્રી નીતિન ગડકરીએ પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું હતું કે ૧ ડિસેમબર, ૨૦૧૯થી ટોલ પ્લાઝામાં ફાસ્ટ ટેગ અનિવાર્ય કરવામાં આવ્યા છે. હાલ ફાસ્ટ ટેગ ફ્રીમાં લગાવવામાં આવે છે. ફાસ્ટ ટેગની સિક્યુરિટી કિંમત ₹ ૧૫૦ છે પરંતુ ૧ ડિસેમ્બર સુધી ફ્રીમાં આપવામાં આવશે. તેમણે કહ્યું હતું કે ૧૫૦ રૂપિયા સિક્યુરિટીના પૈસા સરકાર આપી રહી છે. દેશમાં રાષ્ટ્રીય રાજમાર્ગો પર કુલ ૫૨૭ ટોલ પ્લાઝા છે જેમાંથી ૩૮૦ ટોલ પ્લાઝાની તમામ લેન ફાસ્ટ ટેગથી સજ્જ થઈ ગઈ છે. અન્ય લેનને પણ ફાસ્ટ ટેગથી સજ્જ કરવામાં આવી રહી છે. આ સાથે તેમણે એમ પણ કહ્યું હતું કે ટોલ પ્લાઝા પર એક લેન નોન-ફાસ્ટ ટેગ લેનની પણ હશે. જેથી જેમની પાસે ફાસ્ટ ટેગ ન હોય તેઓ એ લેનમાંથી પસાર થઈ શકશે અને વાહન સંબંધિત ટોલ ટેક્સ ચૂકવીને આગળ વધી શકશે. વાસ્તવમાં, ફાસ્ટ ટેગ હાઈવે પર અવારનવાર સફર કરનારા લોકો માટે ખાસ મહત્વપૂર્ણ બની રહેશે.

**હાલમાં ફાસ્ટ ટેગ ફ્રીમાં લગાવાય છે, 1 ડિસેમ્બર પછી ડબલ ટોલ વસૂલ કરાશે: ગડકરી**

ફાસ્ટ ટેગ વાહનો માટે એક પ્રિપેઈડ ટેગ સુવિધા છે, જેનઆથી તમે ટોલ પ્લાઝા પર રોકાયા વિના અને સમય બગાડ્યા વિના વાહન હંકારી જઈ શકો છો. તેમાં રેડિયો ફ્રિકવન્સી આઈડેન્ટિફિકેશન (આરએફઆઈડી)નો ઉપયોગ થાય છે.

એક વખત જો તમારૂં ફાસ્ટ ટેગ એક્ટિવ થઈ જશે તો તમે તેને વાહનના કાચ પર લગાવી શકો છે. તેના પછી ટોલ પ્લાઝા પર પહોંચતા જ આપોઆપ નેશનલ હાઈવેઝ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના પેમેન્ટ વોલેટથી લિન્કડ તમારા બેન્ક એકાઉન્ટમાંથી ટોલના પૈસા કપાઈ જશે. ગડકરીએ કહ્યું હતું કે ૧ ડિસેમ્બર પછી ફાસ્ટ ટેગ લેવા માટે પૈસા ચૂકવવાના રહેશે.